
# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका



स्वामी लाल दासजी महाराज

वर्ष : ९३

जुलाई २०२१

अंक : ७

श्री ५ नवतनपुरी धाम, जामनगर

www.krishnapranami.org



श्री ५ नवतनपुरी धाममें छत्रसाल जयन्ती का कार्यक्रम ।



 श्री कृष्ण प्रणामी मन्दिर नेशवील USA का १९ वां वार्षिकोत्सव सम्पन्न ।

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૭૭ નિજાનન્દાબ્દ : ૪૩૯ બુદ્ધજી શાકે : ૩૪૨

વર્ષ ૯૩ | જુલાઈ ૨૦૨૧ | અંક : ૦૭

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર<br>જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ<br>સ્વામી લક્ષ્મણદેવજી મહારાજ

સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર<br>જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત)

ફોન : (૦૨૮૮)૨૬૭૨૮૨૯ મો : ૮૫૧૧૨૨૬૬૦૦

**E-mail : patrika@krishnapranami.org, navtanpuri@gmail.com**<br>**Website : www.krishnapranami.org / patrika**

## વ્રત - ઉત્સવ

| | | |
|---|---|---|
| તા. ૨૪-૭-૨૦૨૧ | શનિવાર | ગુરુ પૂર્ણિમા |
| તા. ૨૬,૨૭-૭-૨૧ | સોમ/મંગળ | ત્રીજ/ચોથના ઉપવાસ |
| તા. ૨૭-૭-૨૦૨૧ | મંગળવાર | શ્રી પ્રાણનાથજી અંતર્ધાન તિથિ |
| તા. ૨૮-૭-૨૦૨૧ | બુધવાર | વીતક કથા પ્રારંભ |
| તા. ૨૨-૮-૨૦૨૧ | રવિવાર | રક્ષાબંધન, મિલાપ તથા આચાર્યશ્રી ધર્મદાસજી મહારાજની પુણ્યતિથિ |
| તા. ૩૦-૮-૨૦૨૧ | સોમવાર | શ્રી કૃષ્ણ જન્માષ્ટમી |
| તા. ૩૧-૮-૨૦૨૧ | મગંળવાર | નંદમહોત્સવ |
| તા. ૦૭ -૯ -૨૦૨૧ | મંગળવાર | શ્રીમદ્ ભાગવદ કથા પ્રારંભ. શ્રી ૫ નવતનપુરી ધામ |

# તારતમ સાગર
## (સંક્ષિપ્ત પરિચય)
### અનંતશ્રી વિભૂષિત જગદ્‌ગુરુ આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ

શ્રી તારતમ સાગર મહામતિ શ્રી પ્રાણનાથજીની દિવ્ય વાણીનું સંકલન છે. વિશ્વમાં પ્રચલિત જુદા જુદા ધાર્મિક મત-મતાન્તર માન્યતા વિચાર ધારાઓ તથા સિદ્ધાંત અલગ-અલગ અથવા મિશ્રિત રૂપથી સમાવિષ્ટ હોવાથી મહામતિ શ્રી પ્રાણનાથજીના સમગ્ર ઉપદેશના નવનીતને શ્રી તારતમ સાગર કહેવામાં આવે છે.

તારતમ શબ્દ મૂળ સંસ્કૃત ભાષાના તારતમ્ય શબ્દથી ઉદ્‌ભવ થયો છે, જેનો અર્થ થાય છે રહસ્ય. શાસ્ત્રોમાં નિર્દિષ્ટ રાજવિદ્યા, બ્રહ્મવિદ્યા, પરાવિદ્યા, વગેરેનું રહસ્ય સ્પષ્ટ થવાથી શ્રી તારતમ સાગર ગ્રન્થ યથાર્થ રહસ્યોનો સાગર છે. વિશ્વનું સમગ્ર અધ્યાત્મિક ચિંતન આ એક જ ગ્રન્થમાં સમાઇને એકાકાર થયું છે જે રીતે પૃથ્વીની સમગ્ર નદીઓ સાગરમાં સમાઈ ને એકાકાર થઈ જાય છે.

આ ગ્રન્થ તારતમ સાગર, કુલજમ સ્વરૂપ, શ્રી મુખવાણી, શ્રી પ્રાણનાથ વચનામૃત, સ્વરૂપ સાહેબ, શ્રી પ્રાણનાથ વાણી, વગેરે જુદા જુદા નામોથી ઓળખાય છે. આ જ્ઞાન તથા ભક્તિનો અગાધ સાગર છે. જેની તલસ્પર્શી ઊંડાઈમાં ઉતરવાથી સાધક પોતાની સાધનાની ચરમસીમાને પ્રાપ્ત કરે છે. અર્થાત્ તેને બ્રહ્મસાક્ષાત્કારનો અનુભવ થાય છે. આ વિશાળ ગ્રન્થમાં ધર્મના સિદ્ધાંત દર્શન, સાધના, પદ્ધતિ તથા માન્યતાઓની સાથોસાથ પરબ્રહ્મ પરમાત્માનું નામ, રૂપ લીલા તથા ધામનું વિશદ વર્ણન જે તન્મયતાની સાથે થયું છે એવું અન્ય કોઈ પણ ધર્મ ગ્રન્થમાં ઉપલબ્ધ નથી.

મોટાભાગના ધર્મગ્રન્થ પરમાત્મા તથા પરમધામના વિષયમાં 'નેતિ નેતિ' કરીને મૌન થઈ જાય છે. જ્યારે આ ગ્રન્થમાં હજારો ચોપાઈઓ દ્વારા તેમનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. સાથોસાથ જુદા જુદા મત મતાન્તર તથા ધર્મમાં પ્રચલિત બાહ્ય આડંબરથી મુક્ત થઈને ધર્મના શુદ્ધ સ્વરૂપના પાલનની પ્રક્રિયા તથા એક ઉદાત્ત, સુશિક્ષિત તથા સ્વસ્થ સમાજની રચનાની વાત એમાં સ્પષ્ટ રૂપે કહેવામાં આવી છે.

પ્રત્યેક સુંદરસાથના માટે પોતાના મૂળ સ્વરૂપ પર આત્મા, મૂળ ઘર પરમધામ તથા પોતાના સ્વામી પૂર્ણબ્રહ્મ પરમાત્માની પિછાણ માટે માર્ગદર્શક હોવાથી આ મહાગ્રન્થને પૂર્ણબ્રહ્મ પરમાત્માની વાઙ્મય મૂર્તિના રૂપે પધરાવી શ્રીકૃષ્ણ પ્રણામી મંદિરોમાં તથા સુંદરસાથના ગૃહ મંદિરોમાં એનું પૂજન, પઠન તથા પારાયણ કરવામાં આવે છે.

આ ગ્રન્થમાં કુલ ૧૮૭૫૮ ચોપાઈઓ સંકલિત છે તથા આ મહાગ્રન્થ રાસ, પ્રકાશ, ષટઋતુ, કલશ, સનંધ, કિરંતન, ખુલાસા, ખિલવત, પરિક્રમા, સાગર, સિનગાર સિન્ધી, મારફત સાગર, ક્યામતનામા વગેરે ચૌદ અવાંતર(અંતર્ગત) ગ્રન્થોનું સમષ્ટિ (કુલ સમૂહ) સ્વરૂપ છે. એમાં હિન્દી ગુજરાતી, સિન્ધી, અરબી વગેરે ભાષાઓ તથા અરબી ફારસી મિશ્રિત હિન્દી તથા જાટી વગેરે બોલીઓનો પ્રયોગ થયો છે. બધા ગ્રન્થોનું સંક્ષિપ્ત વિવરણ આ રીતે છે.

## શ્રી રાસ ગ્રન્થ

શ્રી રાસ ગ્રન્થ 'શ્રી તારતમ સાગર' મહાગ્રન્થનો પ્રથમ ગ્રન્થ છે. આ ગુજરાતી ભાષામાં છે. એમાં કુલ ૪૭ પ્રકરણ અને ૯૦૭ ચોપાઈઓ છે. એનું અવતરણ વિ. સં. ૧૭૧૪-૧૫ માં શ્રી નવતનપુરી ધામ જામનગરમાં થયું છે. અક્ષરાતીત શ્રીકૃષ્ણ શ્રી રાજજી તેમજ બ્રહ્માત્માઓની આનંદમયી લીલાઓનું વિસ્તૃત વર્ણન હોવાથી દિવ્ય પ્રેમરસથી આપ્લાવિત આ ગ્રન્થને ઈંજીલ (અંજીલ)પણ કહેવામાં આવે છે.

**'રસો વૈ સઃ'** કહીને અક્ષરાતીત શ્રીકૃષ્ણજીને રસરૂપ અથવા રસરાજ બતાવ્યા છે. તેમની દિવ્ય લીલા રાસ લીલા છે. રાસ શબ્દ સમૂહનો વાચક પણ છે. રસરાજ શ્રીકૃષ્ણ પોતાની અંગનાઓને પરમાનંદની અનુભૂતિ કરાવવા માટે આ લીલામાં સમૂહ (અનેક) રૂપે પ્રગટ થયા. આ બ્રાહ્મીલીલાનું વર્ણન હોવાથી આ ગ્રન્થ 'શ્રી રાસ' કહેવાયો.

એમાં પ્રારંભના પાંચ પ્રકરણ રાસની અનુભૂતિ માટે યોગ્યતાનું નિદર્શન કરાવે છે. એટલા માટે તેને ગ્રન્થની ભૂમિકા રૂપે માનવામાં આવે છે. વાસ્તવમાં ગ્રન્થનો શુભારંભ શ્રી શ્યામાજીના શણગારથી થયો છે. સર્વપ્રથમ અવતરિત પ્રકરણ પણ આ છે. (નિજાનદાચાર્ય)શ્રી દેવચંદ્રજી શ્રી શ્યામાજીના અવતાર છે. તેમના ધામગમન પછી તેમની સ્મૃતિમાં એક મેળો કરવાનું આયોજન  મહામતિ શ્રી પ્રાણનાથજીએ કર્યું હતું. તે સમયે તેમને કારાગૃહ(હબસા)માં જવું પડ્યું. ત્યાં સદ્‌ગુરુનો વિરહ એટલો તીવ્ર બન્યો કે મહામતિ પોતાના દેહભાવને જ ભૂલી ગયા. તે સમયે તેમને રાસ લીલાનાં દર્શન થયા. સર્વપ્રથમ શ્યામાજી પર તેમની દૃષ્ટિ પડી અને તેઓએ તેમના સ્વરૂપ તથા શણગારનું વર્ણન કર્યું,

**અખંડ સ્વરૂપની અસ્થિર આકારે શોભા કહું ઘણવે કરીને સનેહ ।**
**જોઈ જોઈ વચન આણું કે ઊંચા, પણ ન આવે વાણી માંહે તેહ ॥**

ત્યારબાદ બ્રહ્માત્માઓ તથા શ્રી રાજજી પર તેમની દૃષ્ટિ પડી અને તેઓએ તેમના શણગારનું વર્ણન કર્યું.

શ્રી કૃષ્ણજીની બંશીધ્વનિ સાંભળી જેવા બ્રહ્માત્માઓ ગૃહત્યાગ તથા દેહત્યાગ કરી વૃન્દાવન પહોંચે છે તે સમયે યોગમાયાએ તેમને શરીર તથા શણગાર પ્રદાન કર્યો. શ્રી કૃષ્ણજીએ બ્રહ્માત્માઓની પરીક્ષા માટે લોક મર્યાદા તથા વેદ મર્યાદાની વાત કરી હતી. તેમનો ઉલ્લેખ મહામતિએ શ્રીમદ્‌ભાગવતની જેમ કર્યો છે. ત્યાર બાદ વૃંદાવનના દશ્યો દેખાડતાં પ્રકૃતિનું મનોહર વર્ણન કર્યું છે.

મહામતિએ રાસના સાક્ષાત દર્શન કર્યા છે અને અનેક રામતો(ક્રીડાઓ)નું વર્ણન કર્યું છે. તેમાં હમચી, આંખ મિંચામણિ, કૂદડી, ભુલભુલવણી, ગઢની રામત, કરતાલની રામત, ઘૂમરડી, કોણિયાં, આંબાની રામત, ઉડન ખટોલા વગેરે વિશેષ છે. મહામતિનું આ મૌલિક વર્ણન છે. આ રીતનું વર્ણન શ્રીમદ્ભાગવત, ગર્ગ સંહિત વગેરે શ્રીકૃષ્ણલીલાપરક ગ્રન્થોમાં ક્યાંય પણ નથી. આ રીતે અંતર્ધાન પછી મહારાસની લીલાઓ થઈ. એમના માટે શ્રીકૃષ્ણના ભજનાનંદ સ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે. ત્યારબાદ જલક્રીડા (ઝીલના),ભોગ(ભોજન)તથા પરસ્પર બેસીને વાર્તાલાપ કરવાનો પ્રસંગ પણ અન્યત્ર મળતો નથી.

ગોપીઓ અંતર્ધાનના સમયની વિરહ વેદના વ્યક્ત કરતી શ્રી કૃષ્ણજીને પ્રાર્થના કરે છે, હે પ્રભો ! હવે અમોને ત્યાં લઈ ચાલો જ્યાં ક્યારેય પણ વિયોગ થાય નહીં.

**હવે વાલા હું એટલું માંગુ, ખિણ એક અલગા ન થૈએ ।**
**જિહાં અમને વ્રહ નહીં, ચાલો તે ઘર જૈએ ॥**

વાસ્તવમાં વિરહ રહિત ઘર તો પરમધામ જ હોય છે. મહામતિએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે પૂર્ણબ્રહ્મ પરમાત્માએ બ્રહ્માત્માઓની સુરતાને થોડીક્ષણો માટે પરમધામ મોકલી પરંતુ દુઃખરૂપી જગતનો ખેલ જોવાની તેમની ઈચ્છા બાકી રહી જવાથી ફરીથી તેમને નશ્વર જગતમાં મોકલી દીધા.

આ રીતે રાસ ગ્રન્થમાં લીલા વર્ણનની સાથોસાથ અનેક રહસ્ય પણ સ્પષ્ટ કર્યાં છે.

## શ્રી પ્રકાશ ગ્રન્થ

શ્રી પ્રકાશ ગ્રન્થ શ્રી તારતમ સાગરનો બીજો ગ્રન્થ છે. આ મૂળ તો ગુજરાતી ભાષામાં છે. મહામતિએ સ્વયં એનો હિન્દી અનુવાદ પણ કર્યો છે. આ ગ્રન્થનું અવતરણ વિ.સં. ૧૭૧૪-૧૫ માં શ્રી નવતનપુરીધામ જામનગરમાં થયું છે. એમાં કુલ ૩૭ પ્રકરણ તથા ૧૦૬૪ ચોપાઈઓ છે.

શ્રી પ્રકાશ ગ્રન્થ રાસ લીલાના રહસ્યોને પ્રકાશિત કરે છે. પૂર્ણબ્રહ્મ પરમાત્માએ પોતાના આત્માઓને વ્રજ તથા રાસની લીલાઓનો અનુભવ કરાવ્યો. આ લીલાઓમાં શ્રીકૃષ્ણજી સાથે હતા એટલા માટે બ્રહ્માત્માઓને નશ્વર જગતના સુખ દુઃખોનો અધિક અનુભવ થયો નહીં. મહામતિ કહે છે,

**પ્રેમ પિયાસોં ન કરે અન્તર, તો એ દુઃખ દેખે ક્યોં કર ।**

વાસ્તવમાં પરમાત્મા સાથે હોય તો દુઃખ પણ દુઃખ જેવું લાગતું નથી. બ્રહ્માત્માઓને સાંસારિક દુઃખ-સુખોનો અનુભવ કરાવીને જાગૃત કરવા માટે જાગણી લીલાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રકાશ ગ્રન્થ જાગણીનું પ્રથમ પગથિયું છે. એના પ્રારંભમાં બ્રહ્માત્માઓના અવતરણ, તેમને જગાડવા માટે શ્રી શ્યામાજીને સદ્‌ગુરુના રૂપે મોકલવાનો ઉલ્લેખ છે. તેઓ સુંદરસાથને પોતાની મૂળ વાત યાદ અપાવી સચેત કરે છે. શ્રી રાજજીએ શ્રી શ્યામાજીને પોતાની શક્તિ પ્રદાન કરી બ્રહ્માત્માઓને જાગૃત કરવા માટે સદ્‌ગુરુના રૂપે મોકલ્યા. બ્રહ્માત્માઓ તેમના વચનોને સમજી શક્યા નહીં. મહામતિ અર્થાત્ આત્મભાવે ઈન્દ્રાવતીએ સદ્‌ગુરુના ધામગમન થયા પછી તેમના વિરહમાં સંતપ્ત થઈને વિરહ વેદનાના દ્વારા સદ્‌ગુરુ તથા તેમના ઉપદેશોનું મહત્ત્વ સમજાવ્યું છે. આ ગ્રન્થના કેટલાંક પ્રકરણોમાં ઈન્દ્રાવતીની વિરહ વેદના વ્યક્ત થઈ છે. તે ઉપરાંત અનેક પ્રકરણોમાં બ્રહ્માત્માઓને સ્વયં જાગૃત થઈને બીજાને જગાડવાની પ્રેરણા આપવામાં આવી છે. તેમાં માર્કંડેયનું દૃષ્ટાંત, રાજા પરીક્ષિત તથા શુકદેવજીનો સંવાદ, બેહદ વાણી, પ્રકટવાણી વગેરે મુખ્ય છે. સૂતર કાંતવાના ઉદાહરણ દ્વારા કર્તવ્ય બોધ કરાવ્યો છે. લક્ષ્મીજીના દૃષ્ટાંત દ્વારા શ્રીકૃષ્ણજીની સર્વોપરિતા સમજાવી છે. બેહદ વાણી દ્વારા ક્ષર, અક્ષર અને અક્ષરાતીતનું રહસ્ય સ્પષ્ટ કર્યું છે.

આ રીતે પ્રકાશ ગ્રન્થ અજ્ઞાનરૂપી આવરણોને દૂર કરી આત્માને પ્રકાશિત કરે છે.

## શ્રી ષટ્ઋતુ ગ્રન્થ

ષટ્ઋતુ ગ્રન્થ તારતમ સાગરનો ત્રીજો ગ્રન્થ છે. આ પણ ગુજરાતી ભાષામાં છે. એમાં કુલ ૧૦ પ્રકરણ તથા ૨૩૦ ચોપાઈઓ છે. એનું અવતરણ વિ.સં. ૧૭૧૪-૧૫ માં નવતનપુરીધામ જામનગરમાં થયું છે. એમા બે વિભાગ છે. (૧) ષટ્ઋતુ તથા (૨) બારમાસી. ષટ્ઋતુમાં આઠ પ્રકરણો છે, જેમા છ ઋતુઓના છ પ્રકરણ તથા અધિકમાસ અને ષટ્ઋતુના કલશના એક એક તથા બારમાસીના બે પ્રકરણ છે. એક વિરહિણી આત્મા છ ઋતુઓના પ્રાકૃતિક દશ્યોને જોતી પોતાના પ્રિયતમ પરમાત્માના વિરહમાં કેવી રીતે વ્યાકુળ થાય છે, તેમનું નિદર્શન આ ગ્રન્થમાં કરાવ્યું છે. અંતે શ્રી કૃષ્ણજીના મથુરા જવાથી ગોપીઓની ભાવ વિહ્વળાતાનું વર્ણન કરી વિરહિણી આત્માની વિરહ વ્યથાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ ગ્રન્થની એક-એક ચોપાઈઓનું ભાવપૂર્વક મનન કરવાથી બ્રહ્માત્માઓને શ્રીરાજજીના વિરહનો અનુભવ અવશ્ય થશે.

## શ્રી કલશ ગ્રન્થ

શ્રી કલશ ગ્રન્થ શ્રી તારતમ સાગરનો ચોથો ગ્રન્થ છે. આ પણ મૂળ તો ગુજરાતી ભાષામાં છે. મહામતિએ સ્વયં એનો હિન્દી અનુવાદ કર્યો છે. એની પ્રારંભની ચોપાઈઓનું અવતરણ વિ.સં. ૧૭૧૪-૧૫ માં નવતનપુરીધામ જામનગરમાં થયું અને ગ્રન્થનો શેષ ભાગ વિ.સં. ૧૭૨૯ માં સુરતમાં પૂર્ણ થયો. એમાં કુલ ૧૨ પ્રકરણ તથા ૫૦૬ ચોપાઈઓ છે. **'શાસ્ત્ર શબ્દ માત્ર જો વાણી તાકો કલશ વાણી શબ્દાતીત'** કહીને મહામતિએ જ્ઞાન ગ્રન્થોના કલશ રૂપે આને શિરોમણિ કહ્યો છે. આ ગ્રન્થ તત્ત્વજ્ઞાનથી પરિપૂર્ણ છે. એના પ્રથમ પ્રકરણમાં જ આત્મા તથા પરમાત્માના વાર્તાલાપનો ઉલ્લેખ છે. નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજના મનમાં બાલ્યકાળથી જ જિજ્ઞાસા રહેતી હતી કે, હું કોણ છું, આ સંસાર શું છે,

પરમાત્મા ક્યાં છે, તેમની સાથે મારો સમ્બન્ધ છે કે નહીં ? વગેરે. તેઓશ્રીએ અનેક વર્ષો સુધી ખોજ કરી. ચાલીસ વર્ષની ઉંમરમાં તેમને પૂર્ણબ્રહ્મ પરમાત્માના દર્શન પ્રાપ્ત થયા અને પરમાત્માએ તેમને તારતમ-જ્ઞાન પ્રદાન કર્યું, મંત્ર આપ્યો તથા પાતાળથી પરમધામ સુધીનો અનુભવ કરાવ્યો. આ સંપૂર્ણ પ્રસંગ પ્રથમ પ્રકરણમાં છે. બીજા તથા ત્રીજા પ્રકરણમાં નશ્વર જગતના ખેલનું સુંદર ચિત્રણ કર્યું છે. તે ઉપરાંત નશ્વર જગતમાં પ્રચલિત જુદા જુદા મત-મતાન્તર તથા પંથોની ખેંચતાણની વાત કરી છે. વિરાટ બ્રહ્માંડની ગૂંચ, વેદોનું રહસ્ય, અવતારોનું પ્રકરણ, જાગણીનું પ્રકરણ, ગોકુલ લીલા, જોગમાયાનું પ્રકરણ, દયાનું પ્રકરણ, હાંસીનું પ્રકરણ વગેરે પછી જાગણીનું પ્રકરણ છે.

આ ગ્રન્થમાં પરમાત્માને ક્ષર અક્ષરથી પર અક્ષરાતીત રૂપે બતાવીને તેમનું સ્વરૂપ શૂન્ય નિરાકારથી પર સચ્ચિદાનંદ બતાવ્યું છે. આત્મા જાગૃત થયા પછી જ સચ્ચિદાનંદની અનુભૂતિ થઈ શકે છે. એટલા માટે આત્મ જાગૃતિમાં બાધક જુદા જુદા મત મતાન્તરો તથા બાહ્ય આડંબરોનું ચિત્રણ કરી તેનાથી આગળ વધવાની વાત કરી છે. સંપૂર્ણ શાસ્ત્ર મૂળ તો આત્મજ્ઞાન તથા બ્રહ્મજ્ઞાન પ્રદાન કરવા માટે જ છે. આ રહસ્યોને કથાનકો દ્વારા સમજાવવાનો પ્રયત્ન શાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે. સામાન્ય વ્યક્તિ માત્ર કથાનકોમાં જ ગોથા ખાય છે અને શાસ્ત્રોના ગૂઢ રહસ્યોને સમજવાનો પ્રયત્ન કરતો નથી. એટલા માટે કથાનક (દૃષ્ટાંત) તથા પ્રકૃતિના વર્ણન માત્રથી સંતુષ્ટ ન થઈને આત્મજ્ઞાન તથા બ્રહ્મજ્ઞાન માટે ઊંડાણમાં ઉતરવાની વાત અહીં કહેવામાં આવી છે.

**(ક્રમશઃ........)**

# સદ્‌ગુરુ

ધનસુખ જે. પટેલ - સંતરામપુર

**તીરથ નહાયે એક ફલ, સંત મિલે ફલ ચાર ।**
**સતગુરુ મિલે અનંત ફલ, કહત કબીર વિચાર ॥**
(કબીર)

**સતગુરુ સાધો વાકો કહિએ, જો અગમ કી દેવે ગમ ।**
**હદ બેહદ સબે સમઝાવે, ભાને મન કો ભરમ ॥**
(કિરંતન ૪/૧૨)

સદ્‌ગુરુ સમર્થક મહામતિ શ્રી પ્રાણનાથજીએ સદ્‌ગુરુ કોને કહેવાય તેની વિસ્તૃત સમજ શ્રી તારતમ વાણીમાં આપેલ છે. પરમાત્માથી વિસ્મૃત કરાવનારું આ જગત મોહ અને માયા સ્વરૂપ છે તેમાં જે હું પ્રતીત થઈ રહ્યો છે તેની સાચી ઓળખ આપી પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માની પિછાણ અને તેની સાથે સંબંધ પાકો કરાવે તે જ સાચા સદ્‌ગુરુ.

**સદ્‌ગુરુ સોઈ જો વતન બતાવે, મોહ માયા ઔર આપ ।**
**પાર પુરુષ જો પરખાવે, મહામત તાસોં કીજે મિલાપ ॥**
કિરંતન ૨૦/૬

સમર્થ ગુરુને સદ્‌ગુરુ કહેવાય છે, પરંતુ સદ્‌ગુરુની વ્યાખ્યા કરવી હોય તો કહી શકાય કે સદ્‌ગુરુ એટલે સદ્‌ગુરુ જ. આવા સદ્‌ગુરુ અનુપમેય હોવા છતાં તેમની પ્રભાયુક્ત પ્રતિભાને જગત સમક્ષ પ્રસ્તુત કરવાની લાલચ રોકી શકાતી નથી. અજ્ઞ જનોને કાંઈક દિશાસૂચન થાય તે માટે તે જરૂરી પણ છે. અત્રે કૃતજ્ઞતાભિવ્યક્તિનો આત્મસંતોષ પણ શિષ્યને થતો હોય છે. આ પ્રકારનો ગુરુ ઋણ સ્વીકાર ભાવ પ્રગટ કરતાં કહે છે,

**અબ કહૂં રૂહ અલ્લાહ કી, જિન દઈ મહંમદ સાહેદી ।**
**મેરા દિલ ઉનસે રોસન હુઆ, પાઈ ન્યામત બકા દોઉકી ॥**

છોટા ક્યામતનામા ૨/૧૫

પરમાત્માની પ્રાપ્તિ એટલે માયા સામેનું યુદ્ધ, આ યુદ્ધ એટલું રોચક છે કે માયાના આકર્ષણો છોડવા માટે સખત પરિશ્રમ કરવો પડે આપણે. માયિક આકર્ષણોની પ્રાપ્તિમાં જે જીદ છે તેની પૂર્તિને જીત માનતા હોઈએ છીએ, પરંતુ મહામતિ કહે છે જીત એટલે સાચા અર્થમાં જિંદગી જીવી જવાની જીત, માયા સામે જીત. જેમકે,

**એ જુધ જિત્યા મૈં સહેજે સત્‌ગુરુજી કી દયા ।** (કિરંતન)

સદ્‌ગુરુની કૃપા જેના પર વરસે છે તેના માટે સઘળું સહજ બની જાય છે.

ગુરુ શબ્દ સ્વયં મહાનતાનો દ્યોતક છે. તેનો શબ્દાર્થ થાય જે નાનો નથી તે મોટો. ઉંમર, કદ, સંપત્તિ, શક્તિ સાથે તેને કોઈ લેવા દેવા નથી. મોટો એટલે વિચાર, વૃત્તિથી હલકો નથી, પરંતુ ધર્માચરણ દ્વારા ઉચ્ચતાના દર્શન કરાવનાર છે તે જ્ઞાની. ગુરુ શબ્દનો અન્ય પ્રચલિત અર્થ જોઈએ તો **ગુ** એટલે કે અંધકારમાંથી અને **રુ** કહેતા પ્રકાશ તરફ લઈ જનાર અર્થાત્ અજ્ઞાન અંધકાર મિટાવી જ્ઞાન પ્રકાશ પ્રગટાવે તે **ગુરુ**.

જ્ઞાન, ગહન અને જટિલ પ્રકારનું હોય છે. જ્ઞાની હંમેશાં તેજસ્વી સ્વરૂપનો હોય છે કેમ કે તેજ એટલે પ્રકાશ અને પ્રકાશ એટલે જ્ઞાન. જેમ અન્ય પ્રકાશના મુકાબલે સૂર્યપ્રકાશ અતિ તીવ્ર હોય છે અને અસહ્ય પણ હોય છે તેમ જ્ઞાનનું પણ તેવું જ છે. મહામતિ કહે છે, **એ પ્રકાશ હૈ અતિ બડા.** જેમ સૂર્યના તીવ્ર પ્રકાશને ઝીલીને ચંદ્રમા તેને હલકા, શાંત અને શીતલ સ્વરૂપમાં જગતને પ્રદાન કરે છે જેથી તે સહ્ય સ્વરૂપે સર્વસ્વીકાર્ય બની શકે તેમ ગુરુનું પણ આજ કાર્ય છે. મહામતિ કહે છે,

**એ પ્રકાશ હૈ અતિ બડા, સો રાખત હોં અજૂ ગોપ ।**
**જિન કોઈ ના સહે શકે, તાથેં હલકે કરું ઉદ્યોત ।।**

કલશ હિ. ૧૦/૯

ગુરુકૃપાએ શિષ્યને ચંદ્રમાની આહ્લાદકતાની અનુભૂતિ ગુરુના સાન્નિધ્યમાં થતી હોય છે. ક્યારેક અમો ગુરુજીને મળીને કહેતા હોઈએ છીએ. અમે બેટરી ચાર્જીંગ માટે આવ્યા છીએ. ચંદ્ર સ્વરૂપ આપની શીતળતામાં અમોને અકલ્પનીય અદ્‌ભુત દીર્ઘ પ્રસન્નતાપૂર્વક અનુભૂતિ થતી હોય છે.

શિષ્યમાં જ્યારે ગુરુશ્રદ્ધા અને ઈશશ્રદ્ધા દ્વારા વિશ્વાસ અને સમર્પણનું પ્રેમપૂર પ્રગટે ત્યારે સ્વાભાવિક પ્રત્યક્ષ સ્વરૂપ ગુરુ પ્રત્યેની અનુરાગિતાનો પક્ષપાત ચમકારો કરી જતો હોય છે. ગુરુજનો આ સમયે શિષ્યને ચેતવતા પણ હોય છે કે ગુરુ પ્રેમ મોહમાં પલટાઈ ના જાય તે જોજો ? કેમ કે આવું થતાં ધ્યેય વિસરાઈ જાય અને ધ્યેયદર્શીમાં સપડાઈ જવાય તેની શક્યતા છે. ‘પ્રણામી ધર્મ પત્રિકા’ના એક અંકમાં આપણા આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજની સુંદરસાથને ચેતવણી સૂરમાં એક સલાહ છાપવામાં આવી હતી તેનું મને આજે સ્મરણ થઈ આવે છે. તેમનું કહેવું હતું કે કેટલાક સુંદરસાથ મંદિરમાં ગુરુજનોના ફોટા મૂકી તેનું પૂજન કરતા હોય છે જે અયોગ્ય છે. પૂજન તો પરમાત્માનું કરવાનું હોય છે. ગુરુજનોના ફોટા પૂજન સ્થળે નહીં પરંતુ મંદિરની અન્ય ઉચિત જગ્યાએ એવી રીતે મુકવાના કે જે પ્રેરક સ્વરૂપે પ્રોત્સાહિત કરે અને મંદિરના વાતાવરણની શોભાભિવૃદ્ધિ કરનાર બની રહે.

પડી જતા શિષ્યને ઊભો કરવાનું, ઉચકી લેવાનું અને સન્માર્ગે દોરવાનું કાર્ય ગુરુ કરતા હોય છે. નિરાશા, હતાશા, અને ઉન્માદમાં અટવાતા શિષ્યને હિંમત, હૂંફ, કરુણાનું દાન કરી પોતીકા પણાના ભાવરૂપ આશ્વાસન આપતા હોય છે. નમ્રતા સમતા, મમતા અને એકતાના પાઠ ભણાવતા હોય છે. એમ કહી શકાય કે ગુરુ તો જીવન નૈયા

પાર કરાવતું હોકાયંત્ર છે જે સાચી દિશા તો નિર્દેશે છે, પરંતુ સાથે સાથે શક્તિ અને ગતિ પણ આપે છે. ગુરુ તો માળી પણ બનતા હોય છે, શિષ્યના જીવનબાગને સદ્‌ગુણો, આચરણ અને સંસ્કારના સિંચન દ્વારા સુશોભિત અને સુવાસિત કરતા હોય છે.

આવા ગુરુ પાસેથી આધુનિકતાના રંગે રંગાયેલો શિષ્ય અપેક્ષા પ્રગટ કરતા કહે કે ગુરુએ વારંવાર શિષ્ય પાસે જવું જોઈએ. આજના ગુરુઓની હૈયાતીમાં શિષ્યો આજે નોંધારા બની ગયા છે. ખરેખર તો આવું વિચારતા શિષ્યો તરસ વગરના અને વાંધાવચકાની વૃત્તિધારક હોય છે. પ્રથમ તો આપણામાં શિષ્ય બનવાની લાયકાત ઊભી થયેલી હોવી હોઈએ. જેને તરસ લાગી હોય તેણે કૂવા પાસે જવાનું હોય, ક્યારેક સંયોગોવસાત્ કૂવો સામેથી આવી મળે તે આપણું સદ્‌ભાગ્ય ! બીજું, શિષ્યનું આચરણ નમ્રતા સભર અને ગુરુના આદર, માન, સન્માન સચવાય તે પ્રકારનું હોવું જોઈએ. ત્રીજું ગુરુ પ્રત્યે તેને ઉપકારભાવનું હંમેશાં સ્મરણ રહેવું જોઈએ. ચોથું ગુરુ પ્રત્યે યાચકભાવ ઊભો થાય પણ હક ભાવ ઊભો થવો જોઈએ નહીં. ખરેખર તો અહંકારભાવ, સ્વસભાનતા ભાવને હટાવતા જઈશું અને સેવાભાવને પ્રાધાન્ય આપતા જઈશું તો શિષ્ય તરીકેનું ગૌરવ પ્રાપ્ત કરી શકીશું. જેને સદ્‌ગુરુ પ્રાપ્તિનું ગૌરવ હોય તેને જ સાચા શિષ્યનું બહુમાન પ્રાપ્ત થઈ શક્તું હોય છે.

ગુરુ પ્રત્યે સદ્‌ભાવ ન દર્શાવનાર શિષ્ય પ્રત્યે પણ ગુરુનો ઘૃણા ભાવને બદલે કલ્યાણભાવ જ બની રહેતો હોય છે. આવા શિષ્યોની સમસ્યાનું પણ સમાધાન કરી આપતા હોય છે. એક ઉદાહરણ પ્રસ્તુત છે.

બાપુજીનું ધામગમન થયું. તેમની તીજોરીમાંથી પત્ર મળ્યો, લખ્યું હતું કે કારતક સુદ ૩ ના બપોર બાદ ૪ વાગ્યે ગામના પાદરે આવેલ શિવજી મંદિરના કળશમાં ધન દાટ્યું છે. બાપુજી ધાર્મિકવૃત્તિના હોઈ જૂઠું તો બોલે જ નહીં તેવી તેમના દીકરાઓની માન્યતા. કલશમાં તપાસ

કરતાં કાંઈ ના મળ્યું એટલે તેઓ બાપાને ગાળો આપવા લાગ્યા. સંજોગોવસાત્ તે સમયે તેમના પારિવારિક ગુરુજીનું આગમન થયું. દીકરાઓએ તેમની પાસેથી દીક્ષા તો લીધી હતી પરંતુ તેમને શ્રદ્ધા કે સદ્ભાવ જેવું કાંઈ ન હતું. ગુરુજીએ તેમના પિતાજીના અવસાન બદલ શોક વ્યક્ત કરી આશ્વાસન આપ્યું. દીકરાઓએ ગુરુજી આગળ પિતાજીના પરાક્રમની વાત કરી. ગુરુજીએ તેમને શાંત પાડી કહ્યું કે આવતી કાલે જ યોગાનુયોગ કારતક સુદ ૩ છે તમે સૌ કોદાળી પાવડો લઈ મંદિરમાં ૪ વાગ્યના સમયે આવી જજો.

બીજે દિવસે ૪ વાગ્યનો સમયે મંદિરના કળશનો પડછાયો જે જગ્યાએ પડતો હતો ત્યાં ગુરુજીએ ખોદકામ કરવા સૂચવ્યું. સૌના આશ્ચર્ય વચ્ચે ધનથી ભરેલો ચરુ નીકળ્યો. હવે દીકરાઓ ગુરુભાવને તો પિછાણી શક્યા પરંતુ સાથે સાથે ગુરુ મહિમાનો પાઠ પણ ભણી શક્યા.

ગુરુ તો સમાજની પણ શોભા છે. તેઓ વસુધૈવ કુટુંબકમ્ ! જેવા ઉદારમતવાદી વિચારોના ધારક હોઈ સમતા, એકતા, સહિષ્ણુતા, પ્રેમ પ્રસારક અને ભાવયુક્ત હોય છે. શિષ્યની જેમ સમાજને પણ અધઃપતિત થતો બચાવવા કૃતનિશ્ચયી હોય છે. આપણા લાડીલા આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ કુદરતી હોનારત આપત્તિ, વિપત્તિ જેવા કપરાકાળમાં સદા અગ્રેસર બની સેવાકાર્યમાં સુંદરસાથ સમુદાય સાથે જોડાઈ જઈ કરુણા, દયા, ત્યાગ અને મદદગારીનું મિશન બની રહેતા હોય છે. ગુરુજનોના આવા અગણિત ઉપકારોનો બદલો ચૂકવવાનો શ્રેષ્ઠ ઉપાય સૂચવતાં મહામતિ ગુરુ સેવાનો નિર્દેશ કરે છે. શિષ્ય અનેક પ્રકારે ગુરુ સેવા કરીને હળવો ફૂલ થઈ શકતો હોય છે.

**અબ સંગ કીજે તિન ગુરુ કી, ખોજ કે પુરુષ પૂરણ ।**
**સેવા કીજે સબ અંગસોં, મન કર કરમ વચન ॥**

કિરંતન ૩૪/૧૭

મહામતિજી તો સુંદરસાથના લક્ષણોમાં સેવાભાવને મુખ્યરૂપથી

માને છે. તેઓ કહે છે જે સેવાનું મહત્ત્વ સમજતો નથી તેને સુંદરસાથ કઈ રીતે કહી શકાય ?

**જિન સુધ સેવા કી નહીં, ના કછૂ સમજે બાત ।**
**સો કાહેકો ગિનાવે આપ સાથમેં, જિન સુધ ના સુપન સાંખ્યાત ।।**

કિરંતન ૬૩/૧

ગુરુ પતિત થતા બચાવે, ગુરુ કોયડા સમસ્યાઓ ઉકેલી આપે, ગુરુ હતાશામાં હિંમત આપે, ઉદાસીનતામાં પ્રેમ પ્રગટાવે અને શિષ્યના શ્રેય અને પ્રેયનો વિચાર કરે છે.

---

# ગુરુપૂર્ણિમા તથા વીતક કથા

આ વર્ષે ગુરુપૂર્ણિમાનો પાવન દિવસ તારીખ ૨૪ જુલાઈ ૨૦૨૧ શનિવારના રોજ છે. શ્રી ૫ નવતનપુરી ધામમાં પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ આ દિવ્ય ઉત્સવ ભવ્ય રીતે મનાવવામાં આવશે. **સતગુરુ ચરણકો છેત્ર હૈ** અર્થાત્ સદ્‌ગુરુના પાવન ચરણ ક્ષેત્રમાં રહીને મહામતિ શ્રી પ્રાણનાથજીએ **"પહલે બીજ ઉદય હુઆ, પુરી જહાં નવતન । સબ પુરિયોમેં ઉત્તમ, હુઈ ધન ધન ।। એ મધ્યે જે પુરી કહાવે નવતન જેહનું નામ । ઉત્તમ ચૌદે ભુવનમાં જિહાં વાલાનો વિશ્રામ ।।"** કહીને પોતાનું જીવન સમર્પિત કરવાની વાત કરી છે. આવી અનંત ગરિમાયુક્ત ધર્મભૂમિમાં આવીને સદ્‌ગુરુના પાવન ચરણોમાં શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરી પોતાના જીવનને ઉજ્જવળ તથા ઉન્નત બનાવીએ. **આ વખતે ત્રીજ અને ચોથનો ઉપવાસ તારીખ ૨૬ અને ૨૭ જુલાઈના(સોમવાર, મંગળવાર)ના રોજ છે. ૨૮ જુલાઈ બુધવાર વીતક કથાનો શુભારંભ થશે.**

---

**નોંધ - કોરોના દ્વારા સર્જાયેલ સ્થિતિ સામાન્ય બની હોય અને સરકારે ધાર્મિક કાર્યોમાં ભેગા થવાની છૂટ આપી હોય તો જ ગુરુપૂર્ણિમામાં આવવાનું છે. અન્યથા ઘરે રહીને પ્રણામી ટી.વી. દ્વારા જોવાનો લાભ લેવાનો છે.**

# આજની અનિવાર્ય આવશ્યકતા : મનોનિગ્રહ

શાસ્ત્રકારોએ હંમેશાં **'મનઃ પૂતં સમાચરેત્'** કહીને મનને પવિત્ર રાખવાનો આદેશ આપ્યો છે. મન પવિત્ર હશે તો જ વાણી પણ નિર્મળ થશે અને કર્મ પણ નિષ્કામ થશે, પણ જેવું મન કલુષિત થયું કે વાણી અને કર્મ પણ દૂષિત થઈ જાય છે. મન, આત્મા અને ઈન્દ્રિયો વચ્ચેનો એક પુલ છે, જેના સહયોગથી વિચાર ચિંતન અને કલ્પનાનું આદાન-પ્રદાન ઈંદ્રિયો દ્વારા આત્માને પ્રાપ્ત થાય છે. આત્મા નિત્ય ચૈતન્ય શુદ્ધ બુદ્ધ સ્વરૂપ છે. એની સ્થિતિની જાણ મન તેમજ ઈન્દ્રિયો દ્વારા કરવામાં આવેલ કર્મો દ્વારા થાય છે. મનુષ્ય જીવનના સંચાલનાર્થે મનની વિશિષ્ટ ભૂમિકા છે. મન ઈન્દ્રિયોનું કેન્દ્ર બિન્દુ હોવાથી ઈન્દ્રિયોને સાચું દિશા સૂચન કરવાનું એના ઉપર નિર્ભર રહે છે. કઠોપનિષદમાં આ વિષે બહુ જ સુંદર રીતે સમજાવ્યું છે.

**આત્માનં રથિનં વિદ્ધિ શરીરં રથમેવ તું ।**
**બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ મનઃ પ્રગ્રહમેવ ચ ॥**
**ઈન્દ્રિયાણી હ્યાન્યાહુર્વિષયાંસ્તેષુ ગોચરાન્ ।**
**આત્મેન્દ્રિયનોયુક્તં ભોક્તેત્યાહુર્મનીષિણઃ ॥**

જીવાત્મા રથી અથવા સ્વામી છે. શરીર રથ છે. બુદ્ધિ સારથિ છે. મન લગામ છે. ઈન્દ્રિયો ઘોડા છે, જે વિષયોમાં વિચરણ કરે છે. શરીર, ઈન્દ્રિય અને મન સાથે રહેવા વાળો જીવાત્મા ભોક્તા છે.

ઉપર્યુક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે મનરૂપી લગામને બુદ્ધિરૂપી સારથિ ખેંચીને પકડી રાખે તો જ ઈન્દ્રિયોરૂપી ઘોડા વિષય વાસનામાં વિચરણ નહીં કરી શકે. નહીં તો શરીરરૂપી રથમાં બેઠેલો જીવાત્મા-રથી પોતાના ગન્તવ્ય સ્થાન સુધી જઈ જ નહીં શકે, તેથી જીવાત્માએ સજાગ રહીને બુદ્ધિને આદેશ આપતા રહેવું પડે કે તે મનને ઢીલું ન મૂકે.

મન ક્યારેય પણ ચુપચાપ નથી બેસી શકતું. મનનો વિષય જ સંકલ્પ અને વિકલ્પ કરવાનો છે. મનના દેવતા ચંદ્રમા છે. જેવી રીતે ચંદ્રમાનો આકાર (કળા) દરરોજ બદલાય છે, એવી જ રીતે મનના ચિંતનમાં પણ પરિવર્તન આવતું રહે છે. મનને વ્યર્થ ચિંતનમાંથી હટાવીને પ્રભુ ચિંતનમાં લગાવવું એ જ શ્રેષ્ઠ કાર્ય છે. મહામતિ શ્રી પ્રાણનાથજી મનના પ્રભાવને નીચે પ્રમાણે દર્શાવે છે.

**મનકે હારે હારીએ, મનકે જીતે જીત ।**
**મન હી દેવે સત સાહેબી, મનહી કરે ફજીત ॥**

મનથી હારેલી વ્યક્તિ હંમેશાં હારેલી રહેશે. અને મનને જીતવાવાળી વ્યક્તિ હંમેશાં વિજયી રહેશે. મન જ સત્ય પ્રભુના પ્રભુત્વને પ્રાપ્ત કરે છે અને મન જ વ્યક્તિને પરેશાન કરતું રહે છે. અનિયન્ત્રિત મન મનુષ્યને દુઃખ દે છે. નિયંત્રિત મન હંમેશાં વ્યક્તિને બ્રહ્માનન્દ પ્રાપ્ત કરાવે છે. મનોબળ પ્રબળ રાખવું જોઈશે. મનોબળ જો ઓછું થઈ જાય તો વ્યક્તિ બધી જગાએ પાછળ રહી જાય છે. ઓછા મનોબળવાળો વિદ્યાર્થી હોય કે ખેલાડી, રાજ નેતા હોય કે અભિનેતા ક્યારેય પણ સફલ નહીં થઈ શકે. મન મનુષ્યને ઊંચાઈના શિખર પર પણ પહોંચાડે છે અને પતનની ખાઈમાં પણ પહોંચાડી શકે છે. ગીતાનો ઉપદેશ સાંભળતી વખતે અર્જુન શ્રી કૃષ્ણને કહે છે,

**ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દઢમ્ ।**
**તસ્યાંહ નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥**

હે કૃષ્ણ ! આ મન ખૂબ જ ચંચલ છે. પ્રમથન સ્વભાવવાળું, દઢ અને બલવાન છે. એને વશમાં કરવું વાયુ ને રોકવાની જેમ ખૂબ જ દુષ્કર કાર્ય છે. તે પછી શ્રી કૃષ્ણજીએ કહ્યું,

**અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્ ।**
**અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥**

હે મહાબાહો ! એમાં જરા પણ શક નથી કે મન ખૂબ જ ચંચળ અને કઠિનતાથી વશમાં થવાવાળું છે, પરંતુ તે અભ્યાસ અને વૈરાગ્યથી વશમાં થઈ શકે છે. દરરોજ અભ્યાસ કરવાથી જ મન સ્થિર થઈ શકે છે. ભગવત્ ચિંતનમાં પણ અભ્યાસની જરૂર રહે છે. જેવી રીતે એક નાના બાળકનું મન સ્કૂલમાં નથી લાગતું, એક નવ વિવાહિત વહુનું સાસરામાં મન નથી લાગતું એવી જ રીતે શરૂઆતના દિવસોમાં પ્રભુ ભક્તિમાં પણ મન નથી લાગતું. સ્કૂલે જતાં જતાં બાળક ટેવાઈ જાય છે. વહુનું પણ સાસરામાં રહેતાં રહેતાં ધીરે ધીરે મન પોતાની મેળે જ લાગવા માંડે છે.

જીવનમાં વૈરાગ્યનો ઉદય થવાથી સાંસારિક બધી વસ્તુઓ નિરર્થક લાગે છે. સાધક ત્યાગ અને વૈરાગ્ય દ્વારા જળકમળવત્ નિષ્કલંક બની જાય છે. તે સંસારમાં રહેવા છતાં સંસારથી અલિપ્ત રહે છે. મહામતિ શ્રી પ્રાણનાથજીએ એવી જ રીતે સાધક બનવાની પ્રેરણા પોતાની વાણીમાં આપી છે.

**જલમેં નહાઈએ કોરે રહિએ, જાગીએ માહે સુપન ।**

મોહ રૂપ જગતમાં રહેવા છતાં પણ મોહ-માયાથી અલગ રહેવું અને સ્વપ્નમય જગતમાંથી જાગૃત થઈ જવું. આ પ્રમાણે થવું એ ફક્ત નિષ્ઠાપૂર્ણ સાધનાથી જ સંભવ છે, નહીં તો મોહ-માયામાં રહેવા છતાં મોહ-માયાથી અલગ રહેવું ક્યારેય પણ શક્ય નથી. વ્યક્તિ જ્યાં જે સ્થિતિમાં રહે છે તે સ્થાનના ગુણ દોષ તેનામાં આવી જ જાય છે, કર્મ કરતાં કરતાં કર્મ પ્રત્યે આસક્તિ આવી જ જાય છે. વિષયોના સંગથી કામ, પ્રતિકૂળ પરિસ્થિતિમાં ક્રોધ, દ્રવ્યના સંગથી લોભ અને સંતાનના સંગથી મોહ થવો સ્વાભાવિક છે. કોલસાની ખાણમાં રહેવાવાળાને કાળાશ ન લાગે એ તો બની જ ન શકે. કોઈ સંત કવિએ કહ્યું છે,

**કાજલ કી કોઠરીમે, કૈસેહુ સયાનો જાય ।**
**એક બીચ કાજલકી લાગી હૈ કી લાગી હૈ ॥**

કાજળની કોટડીમાં પેસવાથી ક્યાંક ને ક્યાંક તો કાજળનો ડાઘો લાગવાનો જ છે.

મહામતિ કાજળની કોટડીમાં સંભાળીને પ્રવેશ કરવાનો બોધ આપે છે. જળમાં સ્નાન કરીને કોરા રહેવું એ અસંભવ વાતને મહામતિ જાગણી દ્વારા સંભવ બનાવે છે. આત્મજાગૃતિ થયા પછી સાધક માયામાં રહેવા છતાં માયાતીત બની જાય છે. સંસારમાં રહેવાં છતાં પણ પરમધામનો અનુભવ થાય છે. મહામતિ શ્રી પ્રાણનાથજી પોતાની વાણીમાં દર્શાવે છે.

**તુમ દેખત મોહે ઈન્ડમેં, મૈં ચૌદે તબકસે દૂર ।**
**અંદરગત બ્રહ્માંડ થે, સદા સાહેબ કે હજૂર ॥**

તમે મને આ સંસાર રૂપી બ્રહ્માંડમાં જુઓ છો, પણ હું ચૌદલોકથી પરે છું. આ બ્રહ્માંડથી અલગ પરમધામમાં સદા પરમાત્માના સાન્નિધ્યમાં રહું છું.

**ઓ ખેલે પ્રેમેં પાર પિયાસોં, દેખન કો તન સાગર માહીં ।**

જોવામાં તો એમનું શરીર સંસાર સાગરમાં જ છે, પણ એમનું મન પરમાત્માના પ્રેમમાં પરમધામમાં રમી રહ્યું છે. આ છે આત્મ-જાગૃતિની અવસ્થા.

યોગીલોકો મનની સાધનામાં મનને વશ કરવા માટે ઘણાં વર્ષો સુધી મથ્યા રહે છે. છતાં પણ મનની ચંચળતા એવી ને એવી રહે છે. ભક્ત પ્રેમ લક્ષણા ભક્તિના માર્ગથી મનને પરમાત્માના નામ, રૂપ લીલા અને ધામની ચિતવણીમાં લગાવી દે છે. તે પ્રેમ-ભક્તિમાં મનને સરાબોર કરી દે છે. એનું મન સ્વયં નિર્મળ બની જાય છે. રામાયણમાં સંત તુલસીદાસજી કહે છે,

**નિર્મલ મન જન સો મોહિ પાવા ।**
**મોહે કપટ છલ છિદ્ર ન ભાવા ॥**

જેનું મન નિર્મળ હોય છે તે જ પરમાત્માને પામે છે. કારણ કે પરમાત્માને કપટ, છળ, છિદ્રયુક્ત મનવાળી વ્યક્તિ પસંદ નથી. એવી

વ્યક્તિ સંસારમાં પણ દ્વેષ જ ફેલાવે છે. તે લોક અને પરલોક બંનેને બગાડવાવાળો હોય છે.સ્વાર્થી લોકોને લીધે સમાજ ખંડિત થઈ જાય છે અને પ્રેમ, સેવા, એકતા જેવા સદ્ગુણો પ્રાયઃ લુપ્ત થઈ જાય છે.

હાલના સંગ્રહ કરવાવાળા યુગમાં લોકોને ત્યાગનો ઉપદેશ આપવો અને એનામાં વૈરાગ્યની ભાવના ભરવી એ ખૂબ જ અગત્યનું કાર્ય છે. દેશના લોકો ધન ભેગું કરવું, મિલકતો વધારવી અને માન-સમ્માન મેળવવાની દોડમાં મથી પડ્યા છે. એમને પ્રાચીન ભરતીય સંસ્કૃતિ અને ઋષિ પરંપરાનો મહિમા બતાવીને ત્યાગ અને વૈરાગ્યનું શિક્ષણ આપવું ખૂબ જ જરૂરી બની ગયું છે. નહીં તો ધર્મના નામે વિશ્વમાં પોતાની ઓળખાણ આપવાવાળો દેશ ખોખલો બની જશે. ભારતીય સંત-મહાત્માઓ જે વિશ્વને ભક્તિ, જ્ઞાન અને યોગની શિક્ષા(ઉપદેશ) આપી રહ્યા છે એમના પ્રવચનની અસર ઓછી થઈ જશે. વસ્તુતઃ દેશના પ્રત્યેક નાગરિકમાં ત્યાગ અને વૈરાગ્યની ભાવના ભરવી જ પડશે અને મનોનિગ્રહથી જ આ કાર્ય સંભવિત બનશે.

# પુષ્પ પરાગ

૧) ધર્મરક્ષાએ આત્મોદ્ધાર કરનાર સિંધુ છે.
૨) વીરોનું ભૂષણ ક્ષમા છે અને દાતાનું લક્ષણ દાન છે.
૩) દેવતા કાષ્ટમાં નથી, પથ્થરમાં નથી, માટીમાં નથી પણ સદ્ભાવનામાં છે.
૪) સાચી એકતા તો ધાર્મિક વિચારોનાં મધુર મિલનથી થાય છે.
૫) સત્ય નિષ્ઠાથી દાન કરવું એ મનુષ્ય માત્રની ફરજ છે.
૬) દુનિયામાં દુર્જન સિવાય સજ્જનની કસોટી નથી.
૭) ઊંઘ, આળસ અને આહાર એ ત્રિપુટી ઉપર કાબૂ ધરાવવો.
૮) ધર્મરક્ષા એ અમર વેલડી છે.
૯) નાણાંનો થોડોક ભાગ ગરીબો માટે ઉપયોગ થાય તો મનુષ્ય જીવન ધન્ય કહેવાય.

# ગુરુ પૂર્ણિમા - વ્યાસ પૂર્ણિમા

પૌરાણિક ઈતિહાસ મુજબ સૌ પ્રથમ ભગવાન વેદવ્યાસનું પૂજન નૈમિષારણમાં વસતા શૌનક ઋષિએ કર્યું. વર્ષોની સાધના ઉપાસના કરવા છતાં શૌનકઋષિને પરમાત્માની અનુભૂતિ થતી ન હતી. વ્યાસજીએ એમનામાં આત્મજ્ઞાનની જ્યોત પ્રગટાવી. ઋષિએ તેમને આચાર્ય પદે નિયુક્ત કરી ભાવભર્યું પૂજન અર્ચન કર્યું ત્યારથી આ પવિત્ર દિવસ ઉજવવાની પ્રથા પ્રચલિત છે.

વેદ વ્યાસજીએ ઉચ્ચ કોટિના ગ્રંથો- વેદ, ઉપનિષદ, શ્રીમદ્‌ભાગવત જેવા અનેક ગ્રંથોની રચના કરી. આના દ્વારા આત્મ જ્ઞાનની ઝાંખી કરાવી. તેમની આ મહાનતાને બિરદાવવા માટે ૮૮ હજાર ઋષિમુનિઓ, તપસ્વીઓ, સાધકોએ સાથે મળીને શ્રેષ્ઠ કાર્યને શોભે તેવું સન્માન આષાઢી પૂર્ણિમાના દિવસે કર્યું. આથી તેને વ્યાસ પૂર્ણિમા કહે છે.

**શિક્ષાગુરુ :** શિક્ષણ આપે, સંસ્કાર આપે, જીવનનું સન્માર્ગે ઘડતર કરે.

**દીક્ષાગુરુ :** ધર્મની દીક્ષા આપી ઉપદેશ આપે અને પરમાત્મા પ્રાપ્તિનો સર્વશ્રેષ્ઠ રાજમાર્ગ બતાવે.

**સદ્‌ગુરુ :** જે આત્મા અને પરમાત્માની પિછાણ કરાવી નિજ સ્વરૂપનું ભાન કરાવે અને પરમપદની પ્રાપ્તિનું જ્ઞાન આપે.

**સાદી વ્યાખ્યા :** ભણાવે તે ગુરુ અને જીવન જીવાડી જાણે તે સદ્‌ગુરુ.

**સદ્‌ગુરુ સાધો વાકો કહીએ, જો અગમકી દેવે ગમ ।**
**હદ બેહદ સબે સમઝાવે, ભાને મનકો ભરમ ॥**

કિરંતન ૪/૧૧

હે સુંદરસાથજી ! સદ્‌ગુરુ તો એવા કરો કે જે અદૃશ્ય પરમાત્માની હકીકતનું જ્ઞાન કરાવે(પૂર્ણબ્રહ્મ પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરાવે) જૂઠી માયાના બંધનોમાંથી મુક્ત કરીને આપણને અખંડ ધામના ધણીશ્રી અક્ષરાતીત ભરથાર પાસે પહોંચાડી તેમના દર્શન કરાવે.

**ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુઃ, ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મઃ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

૧) **બ્રહ્માજી** - વૈદિક જ્ઞાનનો ઉપદેશ કર્યો (જ્ઞાન વૃત્તિના સર્જક).

૨) **વિષ્ણુ** - વિષ્ણુ અવતાર ધારણ કરીને વેદ વ્યાસજીના દ્વારા જ્ઞાનનો ઉપદેશ કર્યો (જ્ઞાન સાધનાના પાલક છે).

૩) **મહાદેવજી :** તંત્ર સંહિતાની રચના કરી, ૬૪ તંત્રો પણ શાસ્ત્ર છે. આમ આ ત્રિદેવો ૧૪ લોકના વિશિષ્ટ દેવ છે. વિશિષ્ટ હોય તેને ગુરુત્વ મળે.

વ્યાવહારિક જ્ઞાન અને ધર્મ બતાવ્યા પછી પણ કાંઈક ખૂટે છે. આવશ્યક છે તે આત્મિક જાગૃતિ, આત્મ સંબંધી જ્ઞાન, સ્વસ્વરૂપની અનુભૂતિ - આ જેની પાસેથી પ્રાપ્ત થાય તે સદ્ગુરુ. (પરમ ગંતવ્ય સ્થાન)

નવતનપુરી ધામથી તારતમ જ્ઞાન પ્રાપ્ત થયું જે પરમધામની સમજ આપે છે. જેની પાસેથી આ શક્તિ આવી તે પૂર્ણબ્રહ્મ પરમાત્મા છે. બધા દેવી-દેવતાના કાર્યો અને શક્તિની ઓળખ કરાવી જ્ઞાન આપે તે પૂર્ણબ્રહ્મ પરમાત્મા.

**આદિ શંકરાચાર્યજી**એ ગુરુ મહિમા વર્ણવતાં જણાવ્યું કે તમે વિશ્વના તમામ ક્ષેત્રમાં ભલે શિખરે પહોંચ્યા હો, પરંતુ સાચા સદ્ગુરુના ચરણમાં મન સમર્પિત કર્યું છે ? નથી કર્યું ? તો તમે કાંઈ જ નથી કર્યું. કાંઈ જ નથી કર્યું.

**કઠોપનિષદ** કહે છે, ઊઠો જાગો....ગુરુ પામીને આત્મા-પરમાત્માનું જ્ઞાન મેળવો.

**ઋગ્વેદ** - ગુરુ અને શિષ્યનું મિલન એ તે અરણી મંથન જેવું છે અને જ્ઞાન એ અગ્નિ જેવું છે એ શિષ્યના હૃદયમાં સૂતેલું છે અને તે જ્ઞાનને ગુરુએ જગાડવાનું છે.

**રૂફિની** નામના યુરોપના વિદ્વાને કહ્યું કે, ગુરુ તો મીણબત્તી સમાન છે પોતે ઘસાય છે અને બીજાને પ્રકાશ આપતો રહે છે. જ્યાં સુધી તે પ્રજ્જવલિત છે ત્યાં સુધી જ્ઞાન અને પ્રકાશનું દાન આપ્યા કરે છે. જે એની નજીક આવે છે એ તો એની જેમ જ પ્રકાશિત થઈ જાય છે. પ્રજ્જવલિત થઈ જાય છે.

**સંત પરંપરા** : આધ્યાત્મિક સાધના માટે, સત્યજ્ઞાનની પ્રાપ્તિ કરાવે અને પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે બ્રહ્મનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ અને સત્યનિષ્ઠ ગુરુની જરૂર છે. સંસ્કાર રૂપી વારસો તેમજ જ્ઞાન તો ગુરુ દ્વારા જ મળે. એ શ્રદ્ધાને જીવંત રાખવા માટે આ પર્વને ટકાવી રાખવું જ પડે.

**જૂઠા આભાસ(ભ્રમ, ખોટો દેખાવ, ભ્રામક હેતુ)માંથી મુક્ત કરાવે તે સદ્‌ગુરુ.**

વિશ્વનો મહાન જાદુગર ગુર્જીયેક સરસ વાર્તા સંભળાવતો...એક જાદુગર પાસે ઘણાં બધાં ઘેટા હતાં. તે રોજ એક ઘેટું કાપીને ભોજન કરતો.

સમજદાર ઘેટાં મુંઝાણા. આપણો વારો આવશે. આથી તેઓ છટકી જતાં પણ પુનઃ પકડાઈ જતાં. જાદુગરે ઘેટાંઓનું સમ્મેલન બોલાવ્યું. બધાને કહ્યું, તમારે ગભરાવાની જરૂર નથી. કોઈ ઘેટું સિંહ છે, કોઈ ઘેંટુ વાઘ છે, કોઈ મનુષ્ય છે તો કોઈ ફરિશ્તા છે. એટલે તમારે ડરવાની જરૂર નથી. જે ઘેટું હશે તે જ કપાશે.

દરેક ઘેટાંના મનમાં એક આભાસી ગ્રંથી બંધાઈ ગઈ કે આપણે તો સિંહ છીએ. માણસ છીએ, માટે જે ઘેટું હશે તે જ કપાશે. પરિણામે રોજ એક એક ઘેટું કપાતું ગયું. આ ખોટા બનાવટી આભાસને કારણે જાદુગર ફાવતો ગયો.

આ જીવન રૂપી સંસારમાં પણ આવું જ છે. કંઈ કેટલાયે આભાસોની વચ્ચે માણસ જીવે છે, પણ જો સાચા સદ્‌ગુરુ મળી જાય તો આપણને જે આપણે છીએ તેનું ભાન કરાવે પેલા જાદુગરની જેમ આપણને આભાસમાં ન રાખે.

આથી સદ્‌ગુરુની જરૂર આપણા જીવનમાં છે કે જે આપણને આપણી પિછાણ કરાવે, આપણને આભાસમાંથી મુક્ત કરાવે.

# શ્રી ૫ નવતનપુરી ધામમાં જૂન ૨૦૨૧ દરમ્યાન દાન ભેટ સેવા આપનાર સુંદરસાથ

₹ ૧૦,૦૦૦ /- વસોયા ઠુંમર એન્ડ એસોસિયેટ - **મુંબઈ.**

₹ ५,१००/- साधना अग्रवाल – **मुम्बई** ।

₹ ૫,૧૦૦ /- રમેશભાઈ વલ્લભભાઈ પાંભર - **રાજકોટ.**

₹ ૫૧૦૦ /- ગોકુળભાઈ દામજીભાઈ ભંડેરી - **અમરાપર.**

₹ ५,०५० /- श्रीमती रजनी जगन छाबडा – **दिल्ली** ।

₹ ૫,૦૦૦ /- અરવિંદભાઈ આર. મહારાજ - **ભરૂચ.**

₹ ५,००० /- असीम मदन खुराना – **दिल्ली** ।

₹ ૫,૦૦૦ /- સંજયભાઈ લાલજીભાઈ રૈયાણી - **રાજકોટ.**

₹ ૫,૦૦૦ /- ભોગીલાલભાઈ પટેલ - **અંજાર(કચ્છ).**

₹ ૫,૦૦૦/- બાબુભાઈ બાલાભાઈ પટેલ - **દેસાસણ.**

₹ ૨,૫૦૦ /- ગોકુલભાઈ દયારામભાઈ ચૌહાણ - **ભાગલપુર.**

₹ ૨,૫૦૦ /- મેણસીભાઈ ખીમાનંદભાઈ સોલંકી - **ગોંડલ.**

₹ ૨,૨૨૨/- મેહુલ રમેશભાઈ ભંડેરી - **જામનગર.**

₹ ૨,૧૦૦ /- મેણસીભાઈ નારણભાઈ જોગલ - **ગોંડલ.**

₹ ૨,૧૦૦ /- ચંપાબેન ભીખુભાઈ રાદડીયા - **જેતપુર.**

₹ ૨,૧૦૦/- ભગવાનદાસ રેવાભાઈ પ્રજાપતિ - **અમદાવાદ.**

₹ ૨,૧૦૦/- અનિલાબેન રમણીકલાલ વાઢેર - **અંજાર(કચ્છ).**

₹ ૨,૧૦૦/- તીર્થ હિરેનભાઈ પાનસુરીયા - **રાજકોટ.**

₹ ૨,૦૦૦ /- ભાણજીભાઈ ખૂંટ - **ત્રંબા.**

₹ २,०००/- संतोषकुमार सिंघल – **लखनऊ** ।

₹ ૧,૭૦૦ /- રૂપીબેન દેવાભાઈ મારૂ - **એકલેરા.**

₹ ૧,૬૦૦ /- અજય પ્રવીણભાઈ કુંભાણી - **ભાવનગર.**

₹ ૧,૫૦૦ /- વસ્તાભાઈ કાબાભાઈ પટોરિયા - **હર્ષદપુર.**

₹ ૧,૫૦૦ /- સંદીપ વી. વસોયા - **જામનગર.**

## દાનભેટમાં ₹ ૧૧૦૦/- ની સેવા આપનાર સુંદરસાથ

૧) કાંતિભાઈ લાખાભાઈ પંડયા - **અરવલ્લી**. ૨) વિજયકુમાર અમરસીભાઈ ચૌહાણ - **આણંદ**. ૩) પરમધામવાસી વિજયાબેન જેઠાભાઈ ભાદરકા પરિવાર - **મેંદરડા**. ૪) રિયાંશ હરેશ પટેલ અને હ્રદય પટેલ - **વડોદરા**. ૫) અરવિંદભાઈ રામભાઈ મારૂ - **જમરા**. ૬) સપનાબેન મયૂરભાઈ સભાયા - **મેટોડા(રાજકોટ)**. ૭) યોગેશકુમાર ધરમશીભાઈ ગાજે - **રાજકોટ**. ૮) નાથાભાઈ નાનજીભાઈ કુંભાણી - **તાવેડા**. ૯) નિમેશકુમાર નગીનદાસ પટેલ - **દેસાસણ**. ૧૦) કરસનભાઈ ધરમશીભાઈ કુંભાણી - **તાવેડા**. ૧૧) પરમધામવાસી પુરુષોત્તમભાઈ હરમનભાઈ પટેલ - **આણંદ**. ૧૨) નિકીલબેન શૈલેશભાઈ પટેલ - **આણંદ**.૧૩) નથુજી પ્રેમજીભાઈ પટેલ - **ડુંગરપુર (રાજસ્થાન)**.

## અન્નાદ્ ભવન્તિ ભૂતાનિ - પાકી રસોઈની સેવા

₹ ૨૨,૪૨૦/- શ્રીમતી કોકિલાબેન કનકરાય વ્યાસ - **જામનગર**.
હસ્તે : જયરાજ વ્યાસ, મેઘા વ્યાસ તથા ચિ. વેદાંત વ્યાસ.

₹ ૧૯,૯૦૦/- શ્રી છત્રસાલ યુવક મંડળ - **રાજકોટ**.

₹ ૧૮,૯૩૬ /- બટુકભાઈ મનજીભાઈ કપોપરા - **રાજકોટ**.

₹ ૧૭,૮૦૦ /- મનોજભાઈ મોહનભાઈ વાઢેર - **દ્વારકા**.

₹ ૧૫,૭૪૦/- રાજેન્દ્રસિંહ(રાજભા) ઝાલા - **રાજકોટ**.

₹ ૧૩,૧૦૫/- અશોકભાઈ નાનજીભાઈ ભંડેરી - **માંડાસણ**.

₹ ૧૧,૮૪૫/- પરમધામવાસી હિંમતલાલ ગોવિંદજીભાઈ ગોટેચા -**જૂનાગઢ**.
હસ્તે : ભરતભાઈ ગોટેચા.

₹ ૧૧,૭૭૫/- વલ્લભભાઈ વેલજીભાઈ બૂમતારીયા - **નાનીવાવડી(ધોરાજી)**.

₹ ૧૧,૬૩૦ /- દિલીપભાઈ મગનભાઈ પાનસુરિયા - **નવી મેંગણી**.

₹ ૧૧,૩૩૦/- પરમધામવાસી કેશરબેન મૂળજીભાઈ પરસાણા - **રાજકોટ**.
હસ્તે : પ્રજ્ઞેશભાઈ પરસાણા અને અંજનીબેન પરસાણા.

₹ ૧૧,૦૦૦/- સવિતાબેન વાઘજીભાઈ કમાણી - **રામપર**.

₹ ૯,૫૬૫/- નિલેશભાઈ જસમતભાઈ સોરઠીયા - **મોવિયા**.

₹ ૮,૮૯૫/- નથુજી પ્રેમજીભાઈ પટેલ - **ડુંગરપુર (રાજસ્થાન)**.

₹ ૮,૮૬૦ /- પરમધામવાસી લલિતાબેન વિરચંદભાઈ જોબનપુત્રા - **મુંબઈ**.

₹ ૭,૬૬૫ /- હિતેન્દ્રભાઈ પ્રવીણભાઈ પાંભર - **જામનગર.**

₹ ૭,૬૫૦/- મંજુલાબેન કેશવજીભાઈ ભંડેરી - **જામનગર.**

₹ ૬,૨૬૦/- રાજેશભાઈ ગૌરીશંકર બારોટ - **જામનગર.**

## ફિક્સ રસોઈની સેવા ₹ ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથ

૧) સવજીભાઈ ડુંગરભાઈ વેકરીયા - **રાજકોટ.**

૨) વાલીબેન હરદાસભાઈ જોગલ - **ગોંડલ.**

૩) પરમધામવાસી દૂધીબેન હમીરભાઈ નંદાણિયા - **ઈંદ્રાણા.**
હસ્તે : નાથાભાઈ હમીરભાઈ નંદાણિયા.

૪) પરમધામવાસી નાથાભાઈ મેરામણભાઈ સોલંકી - **નાનડિયા.**

## સાદી રસોઈની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) રંગિતસિંહ મોતીસિંહ પરમાર - **વડોદરા.** ૨) પરમધામવાસી નિલેશભાઈ ગણેશભાઈ દૂધાગરા - **જામનગર.** ૩) સુરેશભાઈ ત્રિકમભાઈ વૈષ્ણવ - **જાલણસર.** ૪) હેમાલીબેન પ્રફુલ્લભાઈ તાળા - **રાજકોટ.** હસ્તે : પ્રફુલ્લભાઈ જસમતભાઈ તાળા. ૫) દર્શિત ભરતભાઈ મોલીયા - **રાજકોટ.** હસ્તે : ભરતભાઈ ભીમજીભાઈ મોલીયા. ૬) નાનજીભાઈ જાદવભાઈ જોશી - **ધ્રાફા.** ૭) પરમધામવાસી મનસુખભાઈ મોહનભાઈ પટોડિયા - **રાજકોટ.** હસ્તે : ખોડીદાસ અંબાભાઈ લિંબાસિયા. ૮) પરમધામવાસી લાડુબેન ગોરધનભાઈ સભાયા - **મેટોડા.** ૯) દેવચંદભાઈ વેણાભાઈ પટેલ - **આમોદરા.** હસ્તે : રોનકકુમાર મણિલાલ પટેલ. ૧૦) પરમધામવાસી સંદીપ પંચાલ - **પ્રતાપગઢ(રાજસ્થાન).** ૧૧) પરમધામવાસી રામાભાઈ સીદાભાઈ કરંગીયા - **કુતિયાણા.** ૧૨) પરમધામવાસી દેવશીભાઈ લખમણભાઈ રાવલિયા - **ઈસરા.** ૧૩) પરમધામવાસી મનસુખભાઈ નાગજીભાઈ વિરડીયા - **રાજકોટ.** ૧૪) જયાબેન મનસુખભાઈ વિરડીયા - **રાજકોટ.** ૧૫) અંકુરભાઈ ભગવાનજીભાઈ વાગડિયા - **ધુળશિયા.** ૧૬) પરમધામવાસી હેમીબેન મગનભાઈ ઠુંમર - **રાજકોટ.** ૧૭) રાજ મનીષભાઈ વિરડીયા - **રાજકોટ.** ૧૮) પરમધામવાસી વશરામભાઈ મોહનભાઈ ભંડેરી - **મોટા ગરેડીયા.** ૧૯) દેવરાજભાઈ હરદાસભાઈ ગુંદરણીયા - **ગારિયાધાર.** ૨૦) જિજ્ઞેસ ગંગદાસભાઈ ચોવટિયા - **રાજકોટ.** ૨૧) ભીખુભાઈ અરજણભાઈ રાદડીયા - **જેતપુર.** ૨૨) नारायण दीपक पाठक – **यु. एस. ए.** ।

## રાજભોગ(થાળભોગ)ની સેવા ₹ ૧૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) વલ્લભભાઈ ત્રિકમભાઈ ગઢિયા - **જામનગર**. ૨) નારણભાઈ જોગલભાઈ - **મટીયાણા**. ૩) ભગવાનદાસ શિવજીભાઈ પટેલ - **મોરબી**. ૪) યશ આર શિંગાળા - **રાજકોટ**. ૫) પરમધામવાસી હરિલાલ નારણભાઈ જોબનપુત્રા - **રાજકોટ**. ૬) ગોપાલભાઈ વસોયા - **જામનગર**. ૭) ત્રિગુણભાઈ સુરેશભાઈ ભંડેરી - **લતીપર**. ૮) હર્ષ પ્રવીણકુમાર પટેલ - **વડોદરા**. ૯) પરમધામવાસી અશ્વિનભાઈ રણછોડભાઈ ટીલાડા - **રાજકોટ**. ૧૦) પરમધામવાસી દૂધીબેન ગગજીભાઈ નંદાણિયા - **બામણાસા**. હસ્તે : હરેશભાઈ ગગજીભાઈ નંદાણીયા. ૧૧) પરમધામવાસી દૂધીબેન હમીરભાઈ નંદાણિયા - **ઈંદ્રાણા**. હસ્તે : નાથાભાઈ હમીરભાઈ નંદાણિયા. ૧૨) રવિ રમેશભાઈ કમાણી - **જામનગર**. ૧૩) ભગવાનજીભાઈ લવજીભાઈ ચોવટિયા - **જામનગર**. ૧૪) ખીલવંત દિલીપભાઈ પાનસુરીયા - **છત્તર**. ૧૫) પરમધામવાસી હેમીબેન ખીમાનંદભાઈ સોલંકી - **મેંદરડા**. ૧૬) પરમધામવાસી રામાભાઈ સીદાભાઈ કરંગીયા - **કુતિયાણા**. ૧૭) પરમધામવાસી રૂપીબેન દેવાભાઈ મારૂ - **એકલેરા**. ૧૮) પરમધામવાસી નાથાભાઈ મેરામણભાઈ સોલંકી - **નાનડિયા**. ૧૯) પરમધામવાસી વેજીબેન ભાયાભાઈ બારૈયા - **નવાગઢ**. ૨૦) પરમધામવાસી લક્ષ્મણભાઈ સવદાસભાઈ રાદડીયા - **રાજકોટ**. ૨૧) પાંચાભાઈ ડુંગરભાઈ કોરાટ - **રાજકોટ**. ૨૨) રવજીભાઈ નારણભાઈ ભંડેરી - **જામનગર**. ૨૩) સ્નેહા અને ધ્રુવ શાહ - **અમદાવાદ**. ૨૪) જ્યોત્સ્નાબેન યોગેશચંદ્ર દલાલ - **અમદાવાદ**. ૨૫) નારણભાઈ વજશીભાઈ મારૂ - **કોડવાવ(જૂનાગઢ)**. ૨૬) કુસુમબેન શૈલેષભાઈ સીદપરા - **રાજકોટ**. ૨૭) તસ્વો હિરેનભાઈ સુદાણી - **રાજકોટ**. ૨૮) નીલ ધર્મેશભાઈ હરસોડા - **રાજકોટ**. २९) परमधामवासी शुभलक्ष्मी शाह – **काठमाडौं ( नेपाल )**। ३०) मनीष किरोडीमल अग्रवाल – **थाणे ( महाराष्ट्र**)।

## ગોટા પારાયણની સેવા ₹ ૨૫૦૦/ આપનાર સુંદરસાથજી

૧) ખુશી આનંદભાઈ પેઢડીયા - **રાજકોટ**. ૨) સવજીભાઈ ડુંગરભાઈ વેકરીયા - **રાજકોટ**. ૩) રાજેન્દ્રસિંહ(રાજભા) ઝાલા - **રાજકોટ**. ૪) મનીષાબેન દિનેશભાઈ બુમતારિયા - **જામનગર**. ૫) ભવ્ય અને રાધેન પાઘડાર - **જેતપુર**. હસ્તે : દયાબેન રાજેશભાઈ પાઘડાર. ૬) પરમધામવાસી દૂધીબેન હમીરભાઈ

નંદાણિયા - **ઈંદ્રાણા**. હસ્તે : નાથાભાઈ હમીરભાઈ નંદાણિયા. ૭) પરમધામવાસી સુશીલાબેન નવીનચંદ્ર ભાવસાર - **વલસાડ**. હસ્તે : પરેશભાઈ નવીનચંદ્ર ભાવસાર અને પરિવાર. ૮) પરમધામવાસી વિઠ્ઠલભાઈ નરેશભાઈ પટેલ - **નાર**. હસ્તે : દિલીપભાઈ વિઠ્ઠલભાઈ પટેલ. ૯) પરમધામવાસી ગણપતસિંહ ચુનીલાલ સોલંકી - **દાહોદ**. હસ્તે : વરદીબેન ગણપતસિંહ સોલંકી. ૧૦) રમાબેન જીવાભાઈ ઓડેદરા - **કુતિયાણા**. ૧૧) દેવચંદભાઈ વેણાભાઈ પટેલ - **આમોદરા**. હસ્તે : રોનકકુમાર મણિલાલ પટેલ. ૧૨) પરમધામવાસી દૂધીબેન ગગજીભાઈ નંદાણિયા - **બામણાસા**. ૧૩) પરમધામવાસી વીરજીભાઈ હરિભાઈ કપોપરા - **અમદાવાદ**. હસ્તે : કાંતિભાઈ હરિભાઈ કપોપરા. ૧૪) પરમધામવાસી વીરજીભાઈ હરિભાઈ કપોપરા - **અમદાવાદ**. હસ્તે : શોભનાબેન અમૃતભાઈ અજુડિયા. ૧૫) પરમધામવાસી કેસરબેન મૂળજીભાઈ પરસાણા - **રાજકોટ**. હસ્તે : પ્રજ્ઞેષભાઈ પરસાણા અને અંજનિબેન પરસાણા. ૧૬) પરમધામવાસી દેવશીભાઈ લખમણભાઈ રાવલિયા - **ઈસરા**. ૧૭) પરમધામવાસી હિંમતલાલ ગોવિંદજીભાઈ ગોટેચા - **જૂનાગઢ**. હસ્તે : ભરતભાઈ ગોટેચા. ૧૮) પરમધામવાસી સુશીલાબેન નવીનચંદ્ર ભાવસાર - **વલસાડ**. ૧૯) પરમધામવાસી અશ્વિનભાઈ રણછોડભાઈ ટીલાડા - **રાજકોટ**. ૨૦) અંકિત વૃજલાલ તાળા - **રાજકોટ**. ૨૧) પરમધામવાસી દિનેશચંદ્ર અંબેલાલ ભાવસાર - વલસાડ. હસ્તે : સુમતિબેન દિનેશચંદ્ર ભાવસાર. ૨૨) હેમાંશુ મુકેશભાઈ ઠુંમર - **રાજકોટ**. ૨૩) કાન્તાબેન બટુકભાઈ ઠુંમર - **રાજકોટ**. २४) श्रीमती रजनी जगनजी छाबड़ा – **दिल्ली** । २५) श्रीमती इन्द्रावती जगदीशप्रसाद पाण्डे – **मुम्बई** । २६) परमधामवासी शुभलक्ष्मी शाह – **काठममाडौं ( नेपाल )** । २७) परमधामवासी दीनदयाल अग्रवाल – बेंगलोर । हस्ते – अंकित एवं पुष्पा अग्रवाल । (दो पारायणकी सेवा) ।

## સાપ્તાહિક પારાયણની સેવા ₹ ૨૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) જ્યોત્સ્નાબેન યોગેશચંદ્ર દલાલ - **અમદાવાદ**. ૨) સુમિત્રાબેન ભીખુભાઈ દરજી - **ગોધરા**. ૩) પરમધામવાસી જેનિબેન દેવાભાઈ કરંગિયા - **જમરા**. હસ્તે : દેવાભાઈ લખમણભાઈ કરંગિયા. ૪) જેનિશ સુરેશભાઈ રાદડીયા - **મેવાસા**. ૫) પરમધામવાસી અમૃતબેન નાનજીભાઈ જોશી - **ધ્રાફા**. હસ્તે : નાનજીભાઈ જાદવભાઈ જોશી. ૬) પરમધામવાસી વજુબેન નાનજીભાઈ જોશી - **ધ્રાફા**. હસ્તે : નાનજીભાઈ જાદવભાઈ જોશી.૭) પરમધામવાસી મનસુખભાઈ

મોહનભાઈ પટોડિયા - **રાજકોટ**. હસ્તે : ખોડીદાસ અંબાભાઈ લિંબાસિયા. ૮) પરમધામવાસી પંડ્યા મૂળજીભાઈ શંકરભાઈ - **કથવાળા**. ૯) પરમધામવાસી રામાભાઈ સીદાભાઈ કરંગીયા - **કુતિયાણા**. ૧૦) દેવેન્દ્રકુમાર વિઠ્ઠલભાઈ પટેલ - **અમદાવાદ**. ૧૧) નિપૂર્ણા દેવેન્દ્રકુમાર વિઠ્ઠલભાઈ પટેલ - **અમદાવાદ**. ૧૨) પરમધામવાસી દૂધીબેન ગગજીભાઈ નંદાણિયા - **બામણાસા**. હસ્તે : હરેશભાઈ ગગજીભાઈ નંદાણીયા. ૧૩) પરમધામવાસી રૂપીબેન દેવાભાઈ મારૂ - **એકલેરા.** હસ્તે : માલદેભાઈ દેવાભાઈ મારૂ. ૧૪) પરમધામવાસી મેહુલકુમાર ખેમાભાઈ વણકર - **સિક્કા**. ૧૫) પરમધામવાસી નાથાભાઈ મેરામણભાઈ સોલંકી - **નાનડિયા**. ૧૬) પરમધામવાસી મેહુલકુમાર ખેમાભાઈ અમીન - **સિક્કા**. ૧૭) રતિલાલ પરાગભાઈ કાપડિયા - **કોલીખડ (મોડાસા)**. १८) परमधामवासी जी.एल. साल्वे एवं हिमांशु साल्वे – **जेताना ( उदयपुर )** । १९) नारायण दीपक पाठक – **यु.एस.ए.** ।

## મહેર સાગરની સેવા ₹ ૧૧૦૦/- ની સેવા આપનાર સુંદરસાથ

ભરતભાઈ વજેશંકર ભટ્ટ - **જામનગર**. ( બે મહેર સાગર પાઠની સેવા મળી છે.)

## પાંચ આરતીની સેવા ₹ ૧૨૦૦/- ની સેવા આપનાર સુંદરસાથ

વિલાસબેન જયસુખભાઈ રાઘવભાઈ રાદડિયા - **ગારિયાધાર**.

## ધ્વજાની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) કોકિલાબેન કનકરાય વ્યાસ - **જામનગર.**
હસ્તે - જયરાજ વ્યાસ, મેઘા વ્યાસ તથા ચિ. વેદાંત વ્યાસ.
૨) વલ્લભભાઈ વેલજીભાઈ બૂમતારીયા - **નાનીવાવડી(ધોરાજી)**.
૩) મનોજભાઈ મોહનભાઈ વાઢેર - **દ્વારકા**.

## કાયમી તિથિની સેવા ₹ ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી નરોત્તમદાસ નરસીદાસ ભાવસાર - **વલસાડ**.
હસ્તે : અનુરાધાબેન હસમુખલાલ ભાવસાર.
૨) પરમધામવાસી વીરજીભાઈ હરિભાઈ કપોપરા - **અમદાવાદ**.
હસ્તે : કાંતિભાઈ હરિભાઈ કપોપરા.
૩) પરમધામવાસી બાબુભાઈ જીવાભાઈ ભંડેરી - **દાવલી.**
હસ્તે : કિશોરભાઈ બાબુભાઈ અને બિપિનભાઈ બાબુભાઈ ભંડેરી.

૪) પરમધામવાસી મનસુખભાઈ પ્રાગજીભાઈ રાણપરિયા - **ગોંડલ.**
   હસ્તે : કાન્તાબેન મનસુખભાઈ રાણપરિયા.
૫) ભગવાનજીભાઈ તુલસીદાસભાઈ અનમ - **ભૂજ(કચ્છ).**
   હસ્તે : જૂલીબેન હિરેનભાઈ સચદેવ.

## કોઠારની સેવા આપનાર સુંદરસાથ

₹ ૮,૫૦૦ /- ખુશી આનંદભાઈ પેઢડીયા - **રાજકોટ.**
₹ ૩,૫૦૦/- મીતાબેન મહેશભાઈ મોઙ - **જામનગર.**
₹ ૨,૨૦૦ /- જયાબેન સુરેશભાઈ મેંદપરા - **જામનગર.**
₹ ૧,૧૦૦ /- મંજુબેન પબાભાઈ ચંદ્રાવાડિયા- **ચેલા.**

# ગૌશાળાની સેવા

## એક ગાયની સેવા ₹ ૧૫૦૦૦/- આપી ગોદાન કરનાર સુંદરસાથજી

કેતન કનૈયાલાલ શાહ - **મુંબઈ.**
કંચનબેન કાંતિલાલ ગોરસિયા - **મુંબઈ.**

## ઘાસચારો, કપાસિયા, ભૂસો, ખોળ અને લાડુની સેવા આપનાર સુંદરસાથ

₹ २१,००० /- बृजेश सुभाषभाई परनामी - मुम्बई ।
₹ ૭,૦૦૦ /- સંજયભાઈ નાનજીભાઈ પાદરીયા - **રાજકોટ.**
₹ ૬,૦૫૧/- વલ્લભભાઈ વેલજીભાઈ બૂમતારીયા - **નાનીવાવડી (ધોરાજી).**
₹ ૫,૧૦૦ /- ડૉ. જોગિનભાઈ જોશી - **જામનગર.**
₹ ૫,૧૦૦/- સંજય કપીલ ડી.
₹ ૫,૧૦૦/- પરમધામવાસી હરિલાલ રામજીભાઈ જોબનપુત્રા - **રાજકોટ.**
   હસ્તે વિશાલભાઈ.
₹ ૫,૦૦૦/- ભીમજીભાઈ ખોડાભાઈ કોરાટ - **રાજકોટ.**
₹ ૫,૦૦૦ /- પરમધામવાસી જયાબેન જેન્તીભાઈ બાબરીયા - **મુંબઈ.**
   હસ્તે : મુંબઈ સુંદરસાથ.
₹ ૫,૦૦૦ /- કાર્તિક જેન્તીભાઈ વસોયા - **જામનગર.**
₹ ૫,૦૦૦/- અક્ષરાતીત કોર્પોરેશન - **હિંમતનગર.**

₹ ૩,૬૫૦/- વિપુલભાઈ વલ્લભભાઈ નસિત - **જામનગર.**

₹ ૩,૧૦૦ /- ભૂદરજીભાઈ બચુભાઈ કોરાટ - **રાજકોટ.**

₹ ૩,૦૦૦ /- વિમલ ભગવાનભાઈ ડોબરીયા - **જામનગર.**

₹ ૨,૫૦૦ /- લવ ભરતભાઈ ચભાડિયા - **જામનગર.**
હસ્તે : નારણભાઈ કાનાભાઈ ચભાડિયા

₹ ૨,૫૦૦ /- તુલસીદાસ ચીમનભાઈ ચભાડિયા - **જામનગર.**
હસ્તે : નારણભાઈ કાનાભાઈ ચભાડિયા.

₹ ૨,૫૦૦/- પરમધામવાસી વીરજીભાઈ હરિભાઈ કપોપરા - **અમદાવાદ.**
હસ્તે : કાંતિભાઈ હરિભાઈ કપોપરા.

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવા

**શંભુપરા :** ધર્મજ્ઞા જયાબેન અવિચલભાઈ ગજેરા તરફથી તેમના ખેતરમાં કપાસનો પાક સારો થયાની ખુશી પ્રસંગે ₹ ૨૧૦૦/- પ્રાપ્ત થયા છે. ધન્યવાદ. હસ્તે : કિરીટકુમાર ગજેરા.

**નિકાવા :** ધામવાસી પાંચાભાઈ બેચરભાઈ તાડાની પાવન સ્મૃતિમાં તેમની તિથિ નિમિત્તે સાહિત્ય સેવામં ₹ ૧૧૧૧/- પ્રાપ્ત થયા છે.

**નાનીવાવડી :** ધામવાસી કસ્તુરબેન ડાયાભાઈ બૂમતારિયાની વરસી નિમિત્તે છ માસી માળા પહેરામણી કરી તે પ્રસંગે સાહિત્ય સેવામાં ₹ ૮૫૫/- પ્રાપ્ત થયા છે. હસ્તે : વલ્લભભાઈ, રમણિકભાઈ અને મહેન્દ્રભાઈ બૂમતારિયા.

**જૂનાગઢ :** ધર્મજ્ઞશ્રી ભરતભાઈ ગોટેચા તરફથી પરમધામવાસી શ્રી હિંમતલાલ ગોવિંદજીભાઈ ગોટેચાની સ્મૃતિમાં પત્રિકાની સાહિત્ય સેવામાં ₹ ૬૫૫/ ભેટ મળી છે.

**ગારિયાધાર :** ધર્મજ્ઞશ્રી દેવરાજભાઈ હરદાસભાઈ ગુંદરણીયા સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યા અને શ્રી પ્રવીણભાઈના સુપુત્ર ચિ. હર્ષિલના ધર્મપત્ની શૈલજાને તથા ચિ. ધ્રુવના ધર્મપત્ની ઉર્વીને કંઠી બંધાવી તેમજ અમદાવાદમાં નવા ફ્લેટ **શ્રી કૃષ્ણ નિવાસ**માં ગૃહ પ્રવેશ પ્રસંગે રસોઈ આપી તેની ખુશીમાં પત્રિકાની સાહિત્ય સેવામાં ₹ ૫૫૫/ ભેટ મળી છે.

**ગારીયાધાર** : શ્રી ભરતભાઈ દેવરાજભાઈ ગુંદરણીયાના સુપુત્ર ચિ. **ધ્રુવ**ના

શુભલગ્ન શ્રી જયસુખભાઈ રાદડિયાની સુપુત્રી ચિ. **ઉર્વી** સાથે તારીખ ૦૩/૦૬/૨૦૨૧ ગુરુવારના રોજ શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપાથી સંપન્ન થયા તેની ખુશીમાં પત્રિકાની સાહિત્ય સેવામાં ૫૫૧/ ભેટ મળી છે.

## ₹ ૫૦૧/ -

**જામનગર** : મૌલિકભાઈ જેરામભાઈ કમાણીને ત્યાં તારીખ ૨૨/૦૨/૨૦૨૧ ના રોજ પુત્રરત્ન ચિ. **કિરયાન**ની પ્રાપ્તિ થયેલ છે. તેની ખુશાલી પ્રસંગે ભેટ. પુત્રજન્મની હાર્દિક વધાઈ.

**સિનોગરા(કચ્છ)** : તારતમ ધર્મેશભાઈ વાઢેરના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ.

**સીંગા (સાબરકાંઠા)** : પરમધામવાસી જયેશકુમાર ભગવાનદાસની સ્મૃતિમાં ભેટ. હસ્તે : રાજેશકુમાર પટેલ.

**મેંદરડા** : મયૂરભાઈ હરેશભાઈ સોલંકીના ધર્મપત્ની ભાવિશાબેનને કંઠી બંધાવી તથા મયૂરભાઈને **પી.જી.વી.સી.એલ.**માં ખંભાલિયા મુકામે નોકરી મળ્યાની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**દાવલી** : પરમધામવાસી બાબુભાઈ જીવાભાઈ ભંડેરીની પાવન સ્મૃતિમાં ભેટ. હસ્તે : કિશોરભાઈ અને બિપિનભાઈ ભંડેરી.

**ચિખોદ્રા** : શિવમ્ હસમુખભાઈ પટેલ તરફથી પ્રથમ પગારમાંથી ભેટ. ધન્યવાદ.

**બામણાસા** : ધામવાસી ધૂળીબેન ગગજીભાઈ નંદાણિયાની પાવન સ્મૃતિમાં સાપ્તાહિક પારાયણ કરી અને રાજભોગ લગાવ્યો. તે પ્રસંગે ભેટ. હસ્તે : હરેશ નંદાણિયા.

**નાના વડાલા** : રવજીભાઈ ગોવિંદભાઈ મારકણા તરફથી ચિ. આરેન મયૂરભાઈને મંદિરે દર્શનાર્થે લાવ્યા તે પ્રસંગે ભેટ. હસ્તે : ચેતના સંજયભાઈ - જામકંડોરણા.

**મેંદરડા** : મોનિકાબેન લવભાઈ સોલંકી સહપિરવાર શ્રી ૫ નવતનપુરી ધામ આવી કંઠી બધાવી તેની ખુશી પ્રસંગે ભેટ. ધન્યવાદ.

**જામનગર** : દક્ષ રાહુલભાઈ પીઠિયાને કંઠી બંધાવી તેની ખુશી પ્રસંગે ભેટ. ધન્યવાદ.

**સેગરસ** - એભાભાઈ ભૂરાભાઈ વસરાના ખેતરમાં ચણાનો પાક સારો થયો તેની ખુશી પ્રસંગે ભેટ. ધન્યવાદ.

## શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવતા ₹ ૧૧૦૦/- ભેટ

૧) કેશવજીભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ - **સિનોગરા(કચ્છ)**. ૨) રામશંકર ચોબીસા - **ડુંગરપુર(રાજસ્થાન)**. ૩) નીલકંઠ ચોબીસા - **બડી વીરવા(રાજસ્થાન)**. ૪) છગનભાઈ

ભગવાનજીભાઈ ભંડેરી - **દાવલી.** ૫) હસમુખભાઈ લખમણભાઈ બૂમતારિયા - **નાની વાવડી.** ૬) કેતનભાઈ કનૈયાલાલ શાહ-સપરિવાર - **કાંદીવલી(મુંબઈ).**

**₹ ૫૦૧/-**

૧) ધ્યાનાબેન ભાવેશભાઈ રાદડિયા - **મેવાસા.** ૨) બીનાબેન અંકિતભાઈ લીંબાણી - **મોવિયા.** ૩) લખમણભાઈ ભીખાભાઈ તાડા. ૪) વિરમભાઈ માલદેભાઈ સોલંકી - **જૂનાગઢ.** ૫) ભાવનાબેન પંકજભાઈ નકુમ - **જામનગર.** ૬) પરમધામવાસી રામાભાઈ સીદાભાઈ કરંગીયા - **કુતિયાણા.** ૭) પરમધામવાસી બાવસનભાઈ દેવરાજભાઈ કુંભાણી - **તાવેડા.** હસ્તે : ધનજીભાઈ બાવસનભાઈ કુંભાણી- **સુરત.** ૮) પરમધામવાસી દૂધીબેન ગગજીભાઈ નંદાણિયા - **બામણાસા.** ૯) પરમધામવાસી નાથાભાઈ મેરામણભાઈ સોલંકી - **નાનડિયા.** ૧૦) હિમાંશુ મુકેશભાઈ ઠુમ્મર - **રાજકોટ.**

**ઉપરોક્ત સર્વે સુંદરસાથજીને ધન્યવાદ. આપ સર્વે પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને આપની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ તેમજ આચાર્ય શ્રી૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તરફથી હાર્દિક શુભકામના.**

---

# પરમધામ ગમન

**વડા** : ધૂળીબેન હમીરભાઈ નંદાણિયાનું તારીખ ૧૯/૦૪/૨૦૨૧ ના રોજ પરમધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે ગોટા પારાયણ, રાજભોગ, ફીક્સ પાકી રસોઈ આપી તે નિમિત્તે સાહિત્ય સેવામાં ₹ ૫૦૦/ ભેટ. હસ્તે : પરબતભાઈ હમીરભાઈ નંદાણિયા.

**કાલાવડ** : ધામવાસી પરસોતમભાઈ પુંજાભાઈ ભંડેરીના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં ₹ ૫૦૧/ ભેટ. હસ્તે : રમાબેન વાદી.

**તણસવા** : પ્રેમજીભાઈ જાદવભાઈ લુણાગરિયાનું તારીખ ૦૨/૦૫/૨૦૨૧ ના રોજ પરમધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં ₹ ૫૦૧/ ભેટ મળી છે. હસ્તે : વિપુલભાઈ લુણાગરિયા(જામનગર).

**ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજશ્યામાજી પોતાના નિજ ચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એવી અભ્યર્થના.**



श्री ५ नवतनपुरी धामद्वारा मूल मिलावा वाडी में आमके बगींचाका शुभारंभ पाठ एवं वृक्षारोपण ।



श्री ५ नवतनपुरी धाममें योग दिवस पर विशेष कार्यक्रम ।

**RNI NO. GUJBIL/2006/18311, Postal Reg.No.Jam/GJN-1/2020-21**
Validity : Upto 31-12-2023, Date of Publication : 10th of Every Month, Date of Posting : 16th of Every Month
**Subscription : Annual Rs.150/-, 15 Years Rs.1500/-, No. of Pages : 36**




प्राणमी ग्लोबल स्कूलमें टीकाकरणका चौथा कार्यक्रम ।








गायोंके घास चाराके लिए सिंचाई साधन रेन गनका शुभारंभ ।




श्री ५ नवतनपुरी धाममें रूम सेवा का चेक अर्पण कारते हुए मूलजीभाई
एवं केसर बेन परसाणा परिवार राजकोट ।